# વાત ગાંધીનગરની

ક્યારેક હળવા છાંટા અને ક્યારેક હળવો તડકો એ મંગળવારની વિશેષતા રહી. સતત ત્રણ દિવસના વરસાદ બાદ નીકળેલો ઉઘાડ ઉર્જામય લાગતો હતો. હજુ હવામાન વિભાગ હળવા ઝાપટાની આગાહી કરી રહ્યું છે. પરંતુ સિસ્ટમ નબળી પડી છે એ વાત નિશ્ચિત છે. હવે તો શહેરમાં પડેલા ભૂવા અને જામેલા ગંદકીના ઢગ દૂર કરવાનુ કામ યુદ્ધના ધોરણે કરવા મનપાતંત્રએ તત્પરતા રાખવી જોઈએ.

**આજે કેબીનેટ મળશે**

દર બુધવારે સવારે ૧૦ વાગે મળતી રાજ્ય મંત્રીમંડળની બેઠક આજે સવારે ૧૦ વાગે સ્વર્ણિમ સંકુલ-૧ માં નર્મદા હોલ ખાતે મળશે. જેમાં ભારે વરસાદથી સર્જાયેલી સ્થિતિની સમીક્ષા, કોરોનાના વધતા નોંધપાત્ર કેસ અને ચર્ચા વિચારણા તથા અનલોક-૪ માટેની ગાઈડલાઈન ક્લીયર કરવા ચર્ચા થાય તેવી શક્યતા છે. પ્રત્યેક મંત્રી પોત પોતાના વિસ્તારોની સમસ્યાઓ અને પોતાના વિભાગના આગામી આયોજનો પર વાતો થશે. ઉપરાંત ભૂમાફિયા સામે કડક કાયદાનો પ્રસ્તાવ મંજુર કરાશે.

**ગરબા આયોજકો કમલમ્ પર પહોંચ્યા**

ગરબા ગુજરાતની અસ્મિતાનું પ્રતિક બન્યા છે ત્યારે કોરોનાના કાળમાં નવરાત્રી ગરબાના આયોજન માટે શરતોને આધિન સરકાર મંજૂરી આપે તેવી માંગ સાથે રાજ્યભરના ગરબા આયોજકો ભાજપના વડામથક કમલમ્ પર પહોંચ્યા હતા. પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સમક્ષ રજુઆત બાદ એવુ જણાવાયુ હતુ કે કોરોનાની સ્થિતિ અંગે અભ્યાસ કર્યા બાદ રાજ્ય સરકાર નિર્ણય લેશે. જો કે અગાઉ મુખ્યમંત્રી સમક્ષ પણ ગરબા આયોજન માટે રજુઆત કરાઈ હતી. મોટા સમુહમાં ગરબા થતાં હોવાથી કોરોના સંક્રમણના ભયને પગલે રાજ્ય સરકાર અવઢવમાં છે. આગામી અઠવાડિયે સરકારના અભિગમનો અણસાર મળવાની શક્યતા છે.

**સત્તાના બે કેન્દ્રો**

સચિવાલયથી માત્ર આઠ કિલોમીટરના અંતરે ભાજપના વડામથક કમલમ્ ખાતે પણ મંત્રીઓ અરજદારોને સાંભળશે. થોડીક ન સમજાય તેવી વિચિત્ર સ્થિતિ નિર્માણ થતી જાય છે. કમલમ્થી આઠ જ કિલો મીટરના અંતરે આખે આખી સરકાર બેસે છે છતાં સંગઠનનો દાખ ઉભો કરવા દર સોમ-મંગળે મંત્રીઓને ત્યાં બેસવાનુ ફરજિયાત બનાવાતા ગાંધીનગરના રાજકીય ગલીયારીઓમાં જાત જાતના ગપગોળા ચાલવા માંડ્યા છે. ક્યાં સુધી... કેવી રીતે સત્તાના બે કેન્દ્રો ચાલશે એ જ મોટો પ્રશ્ન છે. સરકાર ઉપર સંગઠનનો પ્રભાવ હોય એ સ્વાભાવિક છે. પણ સરકાર પર સંગઠન હાવી બની જાય એ અણ છાજતુ કહી શકાય. સંક્રમણ અને અતિ સંક્રમણ વચ્ચે મતભેદ સમજવા માટે આ ઉદાહરણ પર્યાપ્ત છે.

**હજી કોરોના શહેરનો પીછો છોડતો નથી**

પાંચ-પાંચ મહિના બાદ પણ કોરોના પાટનગરનો પીછો છોડવાનું નામ લેતો નથી. હજુ પણ કોને કોને કોરોના પોઝીટીવ આવ્યો એ જાણવાની જિજ્ઞાસા હજુ પણ જનજીવનમાં અસ્તિત્વ ધરાવે છે. છેલ્લા પાંત્રીસ દિવસથી દસ-બાર કેસો વધતા આજે ૭૪૨ કેસના આંક સાથે ગાંધીનગર કોરોનાગ્રસ્ત જ રહ્યુ છે. કોઈ વિસ્તાર બાકી નથી રાખ્યો કે કોઈ વ્યવહાર બાકી નથી રાખ્યો. ધર્મ હોય, શિક્ષણ હોય, વેપાર-ઉદ્યોગ હોય, બાંધકામ પ્રવૃત્તિ હોય કોરોનાનો કહેર હજુ પણ યથાવત રહ્યો છે. શહેરના બધા જ પર્વો અને પ્રસંગો કોરોનાના ગ્રહણથી સાવ ઝાંખા ઉજવાયા અને હજુ ક્યાં જઈને અટકશે જેનો કોઈ અંદાજ નથી.

**‘અર્ક’ આજનો...**

મિત્રના ઘર તરફ જતી પગદંડી પર કોઈ દિવસ ઘાસ ના ઉગવા દેવું.

# સંત સરોવરનો એક દરવાજો ખોલાયો : ૫૦૦ ક્યુસેકની જાવક



ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના ગોંદરે આવેલ સંત સરોવરનો એક દરવાજો આજે સાંજે ૧૦ ફૂટ જેટલો ખોલવામાં આવ્યો હતો.

સાંજે સંત સરોવરમાં પાણીની આવક થતાં ૫૦૦ ક્યુસેક પાણી છોડવાની સત્તાવાળાઓને ફરજ પડી હતી. સંત સરોવરમાં ૧૭ ગેટ આવેલા છે. આજે માત્ર ૧ દરવાજો અને તે પણ ૧૦ ફૂટ જેટલો જ ખોલવામાં આવ્યો હતો.

ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને પગલે ગઈકાલે મોડી સાંજ સુધીમાં તો તેની છલતી સુધી પાણી ભરાઈ જવા પામ્યુ હતુ. જો કે આજે દિવસ દરમ્યાન પાણીની આવકમાં ઘટાડો થયો હતો પરંતુ સાંજે પાણી આવતાં ૫૦૦ ક્યુસેક પાણી છોડવાની ફરજ પડી હતી.

સંત સરોવરને કારણે ૪૮૦૦ હેક્ટરથી વધુ વિસ્તારની જમીનને સિંચાઈની સુવિધા ઉપરાંત ગાંધીનગર શહેર સહિતના આસપાસના ગામોના કુવાઓ રિચાર્જ થતાં ભૂગર્ભ જળના સ્તર ઊંચા આવ્યા છે. આ સંત સરોવરમાં ૧૦ મિલીયન ઘન મીટર પાણીનો સંગ્રહ થાય છે.

# જિલ્લામાં કોરોનાનો ચેપ રેટ ઘટ્યો

**પહેલાં ૧૨ થી ૧૩ નો હતો તે હવે ઘટીને ૭ થયો છે : દર્દીઓને સમયસર સારવાર મળતાં રિકવરી રેટમાં પણ સુધારો થયો છે : ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટમેન્ટની કાર્ય યોજના સફળ રહી હોવાનો દાવો**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં કોવિડ-૧૯ના સંક્રમણની સ્થિતિ પર ધીમી ગતિએ પણ તંત્ર કાબુ મેળવવામાં સફળ રહ્યાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં ચેપ રેટ જે અગાઉ ૧૨ થી ૧૩ જેટલો હતો તે ઘટીને ૭ પર આવ્યો છે.

ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટમેન્ટની આક્રમક વ્યુહરચના સફળ રહી હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે. આ રેટ આગામી દિવસોમાં હજુ પણ ઘટશે તેવો વિશ્વાસ આ સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં અત્યારે રોજના એક હજાર જેટલા ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. જયારે ગાંધીનગર મહાનગરપાલિકામાં પણ ૧૨૫ થી ૧૫૦ જેટલા ટેસ્ટ રોજના કરવામાં આવી રહ્યા છે. જેમાં નેગેટીવ રિપોર્ટનું પ્રમાણ ઘણુ મોટુ જણાયુ છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે શહેર જિલ્લામાં થઈ ૨૦ થી ૨૫ ની વચ્ચે કેસો મળી રહ્યા છે. જે અગાઉ કરતાં ઘણા ઓછા છે. ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટની કાર્ય યોજના સફળ રહી હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે છેલ્લા પખવાડિયામાં જે દર્દીઓ રિકવર થઈ ડિસ્ચાર્જ થયા છે તેનાથી વધુ સારી વાત કઈ હોઈ શકે.

ડેથરેટ ઘટે તે દિશામાં પણ તંત્ર સફળ રહ્યુ છે. છેલ્લા ૩

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોના એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવાની સાથે ફુટપાથ પણ નવી બનશે

**હાલ વરસાદી પાણીના નિકાલની લાઇનના લીધે ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા**

ગાંધીનગર તા ૨૫

શહેરના સેકટરોમાં એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવા માટે ટુંકમાં કામગીરી હાથ ધરાશે જયારે આ દરમિયાન સેકટરોમાં તુટેલી ફુટપાથનુ પણ નવિનીકરણ કરાશે એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવા માટે અંદાજિત રૂ ૪૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે જયારે વરસાદી પાણીના નિકાલની લાઈનની કામગીરી દરમિયાન ખોદકામના લીધે ફુટપાથનો પણ કડુસલો થઈ ગયો છે. ત્યારે ફુટપાથ પણ નવી બનશે.

શહેરમાં વરસતા વરસાદ વચ્ચે અનેકવિધ દુવિધાઓ સેકટરવાસીઓ માટે હાલાકીનુ કારણ બની છે. જેમાં માર્ગોનુ ધોવાણ , બંધ સ્ટ્રીટ લાઈટો તમેજ તુટેલી ફુટપાથ પણ નાગરિકો માટે સલામત રહી નથી. ફુટપાથ પર મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. ફુટપાથની ટાઈલ્સો પણ અનેક ઠકાણે તુટી ગઈ છે. વરસાદી પાણીના નિકાલની લાઈનના ખોદકામ બાદ માટી બેસી જતા ફુટપાથ પણ જમીનમાં ગરકાવ થઈ ગઈ હોય તેવા દ્રશ્યો અનેક ઠેકાણે જોવા મળી રહ્યા છે. ત્યારે ફુટપાથનુ સમારકામ થવુ અનિવાર્ય છે બીજીતરફ સેકટરોમાં પ્રવેશવાના એપ્રોચ રસ્તાઆને ફોરટ્રેક કરવાનુ કામ પણ ટુંકમાં શરૂ થવાનુ છે. ત્યારે એપ્રોચ માર્ગોની કામગીરી સાથે સકટરોમાં આસપાસની ફુટપાથ પણ નવી બનાવાશ . સેકટરોમાં પ્રવેશવાના એપ્રોચ રસ્તાઓ પર છેલ્લા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના માર્ગો પર પેચીસ અને ખાડા દુર કરવા કામ શરૂ કરાયુ

**સતત વરસાદના લીધે નગરના માર્ગોને પણ નુકશાન : ક માર્ગ પર પેચીસની સમસ્યા નિવારવા કામ હાથ ધરાયુ : તબક્કાવાર માર્ગોને વધુ નુકશાન થતુ અટકાવવા માટે કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૨૫

શહેરમાં સતત વરસાદના લીધે માર્ગોનુ ધોવાણ થયુ છે. સેકટરોમાં વરસાદી સમસ્યાઓનો ઢગ ખડકાયો છે. જયારે માર્ગો પણ ઉબડ ખાબડ બન્યા છે. સેકટરોના આંતરિક માર્ગો તેમજ મુખ્યમાર્ગો પર નિચાણવાળા વિસ્તારમાં પણ વરસાદી પાણીનો ભરાવો થાય છે. આવા સંજોગોમાં માર્ગો પર પેચીસ પડવાની સાથે ક્યારેક ગાબડા પણ અસ્તિત્વમાં આવે છે. જેને અનુલક્ષી પાટનગર યોજના વિભાગ દ્વારા શહેરના માર્ગો પર પેચીસ દુર કરવા કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. નગરના ક માર્ગ પર હાલ પેચીસ પુરવા માટે કામ હાથ ધરાયુ છે.

શહેરના માર્ગોનુ ધોવાણ થયુ છે. વરસાદના લીધે સેકટરોમાં ઠેર ઠેર વરસાદી સમસ્યાઓ સર્જાઈ છે. શહેરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી વરસાદ વરસવાનુ ચાલુ છે. વરસાદી વાદળોનો પણ આકાશમાં ઘેરાવ છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૩૦ ઈંચ વરસાદ વરસ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોરોનાનો સપાટો : વધુ ૧૪ કેસ

**સે. ૩ માં ૪, સે. ૪ માં ૨ ઉપરાંત સે. ૨૫, ૨૬, ૨૭, ૨૩, ૨, ૭, ૧૬, ૨૪ માંથી કેસો મળી આવ્યા : તંત્રની દોડધામ**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૪ કેસ નોંધાતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો હતો. આજે નોંધાયેલા કેસોને પગલે તંત્ર સતત દોડધામમાં વ્યસ્ત રહ્યુ હતુ. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૭૩૬ થઈ છે.

આજે નોંધાયેલા કેસોમાં સચિવાલયના સેક્શન અધિકારી, એ.એસ.આઈ., ઝાયડસ રિસર્ચનો કર્મયોગી, એક્સ-રે ટેકનીશ્યન, સિક્યોરીટી, ટેકનોક્રેટ તેમજ કૃષિનો ધંધાર્થી કોરોનાની ઝપટમાં આવી ગયા છે.

આજે કેસોની સંખ્યામાં સરેરાશ કરતાં થોડા વધારે કેસ નોંધાયા છે. જો કે શહેરમાં વધી રહેલા કેસોની સંખ્યાએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. મહિલા અને મોટી વયના દર્દીઓ મળી રહ્યા હોવાથી ચિંતા વધી છે. જોકે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. આજે શહેરના ૧૩ દર્દીઓ પણ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે.

આજે સે. ૩ માંથી ૪, સે. ૪ માંથી ૨, ઉપરાંત સે. ૨૫, ૨૬, ૨૭, ૨૩, ૨૪, ૧૬, ૭ અને ૨ માંથી કેસો મળી આવ્યા છે.

આજે સે. ૨૫ માંથી એક ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી જુનાગઢની ખાનગી સંસ્થા સાથે સંકળાયેલો હોવાનું જાણવા મળેલ છે. તંત્રએ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ છે.

સે. ૨૬ માંથી એક ૮૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ આ વૃદ્ધના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૩ માંથી પણ એક ૬૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી તેમના પરિવારની એક વ્યક્તીને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

સેકર્ટર-૩ તંત્ર માટે હવે વધુ ચિંતાજનક બની ચુક્યુ છે. આજે આ સેકટરમાંથી વધુ ૪ કેસ નોંધાયા છે તેને લઈ તંત્રએ હવે આ વિસ્તારમાં અત્યંત આક્રમક રણનીતિ તૈયાર કરવાનું મન બનાવી લીધુ હોય તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે વડોદરામાં સિક્યોરીટીમાં નોકરી કરતા એક ૫૪ વર્ષના પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ છે. તંત્રએ આ દર્દીના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

બરોડામાં જ સિક્યોરીટીમાં નોકરી કરતા એક ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરી તંત્રએ આ દર્દીના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

એક્સ-રે ટેકનીશ્યન તરીકે ફરજ બજાવતો કોરોના વોરિયર્સ જે સે. ૩ માં રહે છે તેનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. ૫૬ વર્ષીય આ ટેકનીશ્યને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

કૃષિ ઉત્પાદન અને બિયારણનો ધંધો કરતા અને સે. ૩ માં રહેતા એક ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ વેપારીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ વેપારીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૭ માંથી એક ૭૧ વર્ષીય વડીલનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. નિવૃત્ત વડીલને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ તેમના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨ માંથી એક ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સચિવાલયમાં સેકશન અધિકારી તરીકે ફરજો બજાવતી અને સે. ૪ માં રહેતી એક ૪૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા અધિકારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ મહિલા અધિકારીના પરિવારના ૬ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સચિવાલયમાં એ.એસ.આઈ. તરીકે ફરજો બજાવતા એક કોરોના વોરિયર્સનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૫૬ વર્ષીય એ.એસ.આઈ. સે. ૧૬ માં રહે છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૪ કેસ

**ગાંધીનગર તાલુકામાં ૧૦, કલોલમાં ૩ અને માણસામાંથી ૧ કેસ : ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ : ૧૨૯૦ દર્દી સાજા થયા**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી કોરોનાના વધુ ૧૪ દર્દી મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણના વધી રહેલા કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે.

આજે નોંધાયેલા કેસોમાં ગાંધીનગરના ૧૦, માણસાનો એક અને કલોલના ૩ કેસનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે વાસણા હડમતિયા ગામેથી આજે વધુ એક ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શિહોલી મોટી ગામેથી પણ ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

અડાલજમાંથી ૫૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજની જેમ જ હોટસ્પોટ બનેલ કુડાસણમાંથી પણ આજે બે કેસ મળ્યા છે. બન્ને કેસ મહિલા દર્દીના છે. કુડાસણમાંથી ૧૮ વર્ષની કિશોરી તેમજ ૪૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

રાયસણ ગામેથી પણ આજે વધુ બે કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. જેમાં એક ૨૫ વર્ષીય મહિલા અને ૨૬ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે.

સુઘડ ગામેથી ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોજીટીવ આવ્યો છે. ઝુંડાલમાંથી એક ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે પોરમાંથી એક ૨૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર તાલુકામાં આજે નોંધાયેલ ૧૦ કેસમાંથી પાંચ મહિલા દર્દીઓ નોંધાતા તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના માણસા અર્બન વિસ્તારમાંથી આજે એક જ કેસ મળતાં તંત્રએ રાહત અનુભવી છે. માણસા અર્બનમાંથી ૪૯ વર્ષના પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

કલોલ તાલુકામાં આજે બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને એક કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. કલોલના બોરીસણા ગામેથી એક ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત રાંચરડા ગામેથી થોડા સમયના વિરામ બાદ આજે ૪૫ વર્ષના પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૫૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તંત્રના સૂત્રોએ રિકવરી રેટ સુધરી રહ્યાનો દાવો કરતાં જણાવ્યુ છે કે આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૨૯૦ દર્દીઓ સાજા થઈ અને ઘરે પરત ફર્યા છે.

જિલ્લામાં આજે ૧૩૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૫,૮૩૩ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

# સપ્ટેમ્બરના પ્રથમ પખવાડિયાને અંતે તાલુકા પંચાયતના નવા પ્રમુખની ચૂંટણી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખની મુદત આગામી માસના પ્રથમ પખવાડિયામાં પુરી થતી હોવાથી જિલ્લાના રાજકારણમાં પુનઃ બેઠકોનો સિલસિલો શરૂ થયો છે.

ગાંધીનગર તાલુકા પંચાયતમાં કોંગ્રેસની બહુમતિ હોવા છતાં રાજકિય દાવપેચમાં કોંગ્રેસની નેતાગીરીને મ્હાત આપી ભાજપે સત્તા હાંસલ કરી હતી.

**જિલ્લાના રાજકારણમાં બેઠકોનો સિલસિલો : નવ સભ્યોના સભ્યપદ અંગે સરકાર દ્વારા નિર્ણય ન લેવાયો હોવાથી જો અને તો આધારિત વાતોથી માહોલ ગરમાયો**

હવે પરિસ્થિતિ બદલાઈ રહી છે. રાજ્ય સરકારે ગાંધીનગર શહેરની હદ વધારવાનો નિર્ણય કરતાં ૧૮ ગામ અને ૧ નગરપાલિકાને શહેરમાં ભેળવી દીધી છે. આથી તાલુકા પંચાયતની નવ બેઠકોના સભ્યોનું ભાવિ ડામાડોળ થઈ ચુક્યુ છે. સરકારે આ સભ્યોના ભાવિ અંગે કોઈ જ નિર્ણય કર્યો નથી.

આ ચૂંટણી પહેલાં તાલુકા પંચાયતના આ સભ્યપદને લઈ રાજકીય વિવાદનો હોબાળો ઉભો જરૂર કોંગ્રેસે કર્યો હતો પરંતુ વિકાસ કમિશનર દ્વારા કોઈ જ નિર્ણય આવ્યો નહિ. જિલ્લા પંચાયતે મામલો કુનેહપૂર્વક વિકાસ કમિશનર પર ઢોળી દીધો હતો. હવે નવા પ્રમુખની ચૂંટણી આવી રહી છે પણ આ સભ્યોના ભાવિ અંગે કોઈ જ નિર્ણય ન લેવાતાં જિલ્લાના રાજકારણમાં અત્યારથી જ જો અને તો ના સમીકરણો સાથે બેઠકોનો સિલસિલો રાજકીય પક્ષોમાં શરૂ થઈ ગયો છે.

જે નવ સભ્યોની બેઠકો ખાલી થાય છે તેમાં ભાજપના ૬ અને કોંગ્રેસના ૩ સભ્યોનો સમાવેશ થાય છે. ભાજપ પાસે બહુમતિ નથી અને પાટનગરમાં સત્તા ગુમાવવી તેને પસંદ નથી એટલે સભ્યપદને લઈ નિર્ણય ટાળવામાં આવી રહ્યાની વાતો પણ રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

બીજુ હજુ ચૂંટણી માટે ૨૫ દિવસ જેટલો સમય બાકી રહે છે એટલે હવે જો અને તો ની રાજનીતિ વચ્ચે ઉમેદવારોની પસંદગી માટે પણ બન્ને પક્ષો દ્વારા આગામી માસના પ્રથમ સપ્તાહમાં નિરીક્ષકો આવશે તેમ મનાઈ રહ્યું છે.

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20”X30”, 18”x23”ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23”X36”, 20”x30”, 18”x23”ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com